## -ઃ આંક-૧ હેઠલ હુકમ ઃ-

આજરોજ નામદાર ગુજરાત કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના પત્ર ક્રમાંક જી.એસ.એલ.એસ.એ./૧૭૩૦/૨૦૧૮, તા.૧૫-૧૧-૨૦૧૮ ના પત્રમા આપવામા આવેલ સુચનાઓ મુજબ તથા નાં.જીલ્લા ન્યાયાલયના પત્ર ક્રમાંક ૮૦૫/૨૦૧૮, તા.૩૦-૧૧-૨૦૧૮ અન્વયે અત્રેની કોર્ટમા પેન્ડીંગ પેટીકેસીસ ટ્રાફીક કેસો તેમજ ડોરમેન્ટ ફાઇલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ.ની કલમ-૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્સ માટે તેમજ ફો.કા.અ.ની કલમ-૩૨૧ અન્વયે ફરીયાદ પક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઇનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામા આવેલ છે.

સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઇ વંચાણે લીધુ, સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી ઉપર પ્રોહીબીશન એકટની કલમ-૬૬-૧-બી મુજબના ગુનાનો આક્ષેપ છે સદર ગુનો સમંસ ટ્રાયેબલ ગુનો છે, તેમજ આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવામા આવેલ છે આરોપી હાજર ન રહેતા આરોપી વિરૂધ્ધ પ્રોસેસ કાઢવા છતા આરોપીને હાજર ન રાખવા અંગે કોઇ યોગ્ય અને વાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સચમથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમા આરોપી મળી આવે તેવી કો શક્યતા જણાતી ન હોય જેથી જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમા આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશક્ય જણાતુ હોય ફો.કા.અ.ની કલમ ૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## હુકમ

આથી ફો.કા.અ.ની કલમ-૨૫૮ અન્વેય આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામા આવે છે.

વધુમા આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમ-૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામા આવે છે.

હુકમ આજ તા. ૦૯/૧૨/૨૦૨૩ ના રોજ અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૧૨/૨૦૨૩ જે.એમ.એફ.સી.ટ્રાફીક કોર્ટ,